# ડીસાની પ્રજાના આરોગ્ય સામે જાહેરમાં થતા ચેડા : આરોગ્ય તંત્રનું મૌન.!

ડીસા, તા. ૨૧

ડીસા શહેરમાં ડીસાની પ્રજાના આરોગ્ય સામે ખતરો તોળાઈ રહ્યો છે. જ્યાં જોઈએ ત્યાં પ્રજાના આરોગ્ય સાથે ચેડા થઈ રહ્યા છે. પરંતુ આરોગ્ય તંત્ર આ બાબતની કેમ કોઈજ કાર્યવાહી કરતું નથી..? હાલમાં વરસાદની ઋતુ ચાલતી હોઈ જ્યાં જોવો ત્યાં ગંદકી જોવા મળી રહી છે અને તે જ જગ્યા ઉપર નાસ્તા અને ઠંડાપીણાની લારીઓ ધમધમી રહી છે.

ગતરોજ ડીસા શહેરના જુના શાકમાર્કેટ વિસ્તારનો એક એવો જ કિસ્સો પ્રકાશમાં આવેલ છે. આ કિસ્સો જોતા તો ખરેખર એવું જ લાગી રહ્યું છે કે, આરોગ્ય તંત્રની આટલી ઢીલી નીતી કેમ.? આ વિસ્તારમાં એક શાકભાજીના વહેપારી પાસેથી બટાકાના ચાર થેલા જોવા મળેલા. જે બટાકા સાવ સડી ગયેલા અને દુર્ગંધ મારતા હોવા છતાં સ્થાનિકો દ્વારા જાણવા મળેલ કે, આ બટાકા પાંઉભાજી, પકોડી અને અન્ય નાસ્તાની લારીઓ વાળાઓ સસ્તા ભાવે લઈ જાય છે. બટાકા બાબતે આ વહેપારીની પૂછતાછ કરતા તેણે તેના સ્વ બચાવમાં જણાવ્યું હતુ કે, મને ખબર નથી આ બટાકા કોના છે અને હું અહીંયા આવ્યો ત્યારે મારી દુકાના આગળ આ થેલા પડેલા હતા. તેમ કહી તેણે તેનો બચાવ કરેલ ત્યારબાદ આ બટાકાના થેલાઓ સ્થાનીકો દ્વારા કચરા પેટીમાં નાખવામાં આવેલા.


(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

અવા બટાકા જે પશુઓને ખવડાવવાથી પણ બિમાર થાય તેવા બટાકા નાસ્તાની લારીઓ વાળાઓ માણસોને ખવડાવી અને તેમના આરોગ્ય સામે ચેડા કરી રહ્યા છે. તો આવા વહેપારીઓ અને નાસ્તાની લારીઓના વહેપારીઓ સામે લાલ આંખ કરશે કોણ..? એ સ્થાનિકે આક્રોશ ભર્યા સ્વરમાં જણાવેલ કે, આવા વહેપારીઓ અને લારીઓ વાળાઓનું કોઈજ કશું બગાડી શકશે નહીં કારણ કે, તેમની પાસેથી સ્થાનિક આરોગ્ય તંત્રના લાગતા વળગતા અધીકારીઓના ફોલ્ડરીયાઓ હપ્તાઓ લઈ જાય છે. તો શું ખરેખર આ વાત સત્ય હોય ખરા.? શત્ય હોય તો શરમ જનક કહેવાય.

આ બાબતે આરોગ્ય તંત્ર સફાળું જાગી અનો આવા વહેપારીઓ અનો લારીઓ વાળાઓ સામે લાલ આંખ ભરી અને કડકમાં કડક કાર્યવાહી કરે તો પ્રજાના આરોગ્ય સામે થતાં ચેડા અટકાવી શકાય તેમ છે.

# મોડાસામાં યુ.જી.વી.સી.એલ.ની બેદરકારીથી ડી.પી.ના જીવલેણ તાર સાથે રમતા બાળકો

## તંત્ર જાણવા છતા પણ અજાણ હોવાનો ઢોંગ

મોડાસા તા.૨૧

અરવલ્લી જીલ્લા ના મોડાસા શહેર માં આવે પહાડપુર રોડપર રહેમદ ના નાડીયા પાસે શુક્રવારે વરસાદ પડતા યુ.જી.વી.સી.એલ દ્વારા લગાવામાં આવેલ લાઈટ ની ડી.પી ધરાશાઈ થઈ જતાં ૫૦ થી વધુ મકાનો નો વીજ પુરવઠો ખોરવાઈ ગયો હતો.

મોડાસા શહેર થી આશે ર કી.મી ના અંતરે અહાવેલ પહાડપુર રોડ ઉપર રહેમદ ના નદીએ સોસાયટી તથા અન્ય મકાનો એ ખેતર ના કુવા આવેલા છે. અને આ ખેતરો ના કીનારે ડી.પી. આવેલી છે. આ ડી.પી ના થાભલા આર.સી.સી કાર્ય વગર ભરેલ હતથા અને જેમતેમ આ ડી.પી ઉભી કરી દેવામાં આવી હતી જે ડી.પી સીઝન ના પહેલા જ વરસાદ માં ધરાશાઈ થઈ ગઈ હતી અને આ આજુબાજુ ના લાઈટો ના થાંભલા તુટી જવા પામ્યા હતા અને સમગ્ર વિસ્તાર નો વીજ પુરવઠો ખોરવાઈ ગયો હતો જેને આજે કમ્પલેન કરે પાંચ દીવસ વીતી ગયા હોવા છતાં પણ તંત્ર દ્રાર કોઈ કાર્વાહી ના કરવામાં આવતા રહીશો રોષે ભરાયા હતા જયારે આ વીસ્તાર માં મુસ્લીમો રહેવાસ કરતા હોઈ હાલ રમઝાન મહીનો ચાલતો હોઈ શહેરી અને ઈફતારી ના સમયે પારાવાર મુશ્કેલીઓ નો સમનો કરવો પડી રહયો છે.


(તસવીર : સમીર બલોચ, મોડાસા)


મોડાસા જેસીઝ મિલ્ક કમિટી દ્વારા રમઝાન માસને અનુલક્ષીને દૂધનું વિતરણ કરતા મોડાસા શહેરના મુસ્લિમ બિરાદરો દ્વારા ઈફતાર પાર્ટીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દૂધ વિતરણ કરતા ૧૪ મુસ્લિમ પરિવારો માટે રોઝાની સમાપ્તિ કરવા માટે ઘરે ઘરે જઈને જેસીઝના ચેરમેન નવનીતભાઈ પરીખ, ટ્રસ્ટી સુરેન્દ્રભાઈ શાહ, સેક્રેટરી મુકુન્દભાઈ એન. શાહ સભ્ય નિલેષભાઈ જોષી તથા ઓફીસ સ્ટાફ સહિત દૂધનુ વિતરણનું કામકાજ કરતા યુસુફભાઈ સીંધવા સાથે જઈને ઈફતારનો સામાન હાથો હાથ આપવામાં આવ્યો હતો. જેનાથી આશરે ૬૦ વ્યક્તિઓએ રમઝાનના આ પવિત્ર માસમાં લાભ મેળવ્યો હતો. લાભ લેનાર તમામ મુસ્લિમ બિરાદરોએ શુભેચ્છા વ્યક્ત કરી હતી.

## માયાબેન કોડનાણીની જામીન અરજીની સુનાવણી ૩૦મીએ

અમદાવાદ, તા. ૨૧

નરોડા-પાટીયા કોમી રમખાણ કેસમાં ૨૮ વર્ષની કેદની સજા પામેલા અને છેલ્લા ઘણાં સમયથી જેલવાસ ભોગવી રહેલા ભાજપના પૂર્વ બાળ અને મહિલા કલ્યાણ મંત્રી ડો. માયાબેન કોડનાણી દ્વારા દાખલ જામીન અરજીની સુનાવણી આગામી ૩૦મી જુલાઈના રોજ યોજાશે. ડો. માયાબેન આ પહેલા ત્રણ મહિનાના વચગાળાના જામીન મેળવી ચુક્યા છે તેમણે સારવાર માટે જામીન મેળવ્યા હતા. ગોધરા હત્યાકાંડ બાદ ફાટી નીકળેલા કોમી રમખાણોના બનાવ પૈકીના નરોડા-પાટીયા હત્યાકાંડ કેસમાં ડો. માયાબેન કોડનાણીને સ્પેશિયલ ડેઝીગ્નેટેડ કોર્ટ ૨૮ વર્ષની સજા ફટકારી હતી. તેઓ છેલ્લા ઘણા સમયથી જેલવાસ ભોગવી રહ્યા છે.

## ઊંઝાની બંસરી હોટલમાં અનૈતિક ધામ પકડાયું

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર રેન્જ આર.આર. સેલની ટીમે બાતમીના આધારે ઊંઝા સ્થિત બંસરી હોટલમાં ચાલતા અનૈતિક ધામ પર દરોડો પાડયો હતો. દરોડામાં પોલીસની ટીમે હોટલ માલિક, મેનેજર પાંચ એજન્ટો સહિત બે ગ્રાહકોની અટકાયત કરી રૂ. ૧૧ લાખથી વધુનો મુદ્દામાલ કબજે કરી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ સુત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર ગાંધીનગર રેન્જ આર.આર. સેલના પી.એસ.આઈ એલ.પી. બોડાણાને અનૈતિક ધામ વિષે સૂચના મળતા તેએ વિસનગર વિભાગના નાયબ પોલિસ અધિક્ષક આર.જી. પટેલને સાથે રાખી ટીમે મહેસાણાના ઊંઝામાં આવેલી હોટલ બંસરીમાં ધમધમતા અનૈતિક ધામ પર દરોડો પાડયો હતો.

પોલીસે દરોડા દરમિયાન હોટલ માલિક અનિલ ચતુર્વેદી (રહે.મેઘાણીનગર અમદાવાદ) હોટલ મેનેજર જયેશ મોદી તેમજ એજન્ટ રાકેશ દરજી (રહે. માંગલપુર મહેસાણા), મનીષ શ્રીમાળી (રહે. મહેસાણા), ગોવિંદ ભોઈ (રહે. નાના ચિલોડા), સુધાબેન દરજી અને વર્ષાબેન પટેલ (રહે. નરોડા અમદાવાદ) સહિત હોટલમાં આવેલા બે ગ્રાહક રાકેશ પટેલ અને લખનભાઈ વણઝારા (બંને રહે. પાલનપુર)ની અટકાયત કરી હતી. ટીમે આરોપીઓ પાસેથી રૂ.૧૫,૯૦૦ રોકડા, રૂ.૩૮,૦૦૦ની કિંમતના ૧૦ નંગ મોબાઈલ અને ત્રણ કાર મળી કુલ રૂ. ૧૧,૦૩,૯૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો અને તમામ વિરુદ્ધ ઊંઝા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

# પાલનપુરથી ધાનેરા જતી એસ.ટી. બસનો સમય યથાવત રાખવા મુસાફરોની માંગ

પાલનપુર, તા. ૨૧

પાલનપુર બસ સ્ટેશનથી દરરોજ સવારે ધાનેરા તરફ જતી એસ.ટી.બસના સમયમાં એકાએક સત્તાધીશોએ ફેરફાર કરી નાખ્યો છે. પરિણામે એસ.ટી. બસોમાં દરરોજ અપડાઉન કરતા મુસાફરો મુશ્કેલીમાં મુકાઈ ગયા છે. અને જૂનો સમય યથાવત રાખવા માંગ કરી રહ્યા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર પાલનપુર સેન્ટ્રલ બસ સ્ટેન્ડથી અગાઉ દરરોજ સવારે ૭.૪૫ કલાકે પાલનપુરથી ધાનેરા જવા બસ ઉપડતી હતી. જેમાં ૫૫ જેટલા મુસાફરો પાલનપુરથી ધાનેરા તરફ જતા હતા. પરંતુ એસ.ટી. તંત્ર દ્વારા બસના આ રૂટમાં એકાએક ફેરફાર કરી નાખ્યો છે. જેને લઈ મુસાફરો મુશ્કેલીમાં મુકાઈ ગયા છે અને દરરોજ ખાનગી વાહનોનો સહારો લેવો પડે છે. બસના સમયમાં ફેરફાર થતા ઉંચુ ભાડુ ચૂકવુ મુસાફરો ખાનગી વાહનોની જોખમી મુસાફરી કરી રહ્યા છે. આથી આર્થિક રીતે પણ નુકશાન ભોગવી રહ્યા છે. પરિણામે એસ.ટી. તંત્રને આવેદન પત્ર આપી મુસાફરોએ જૂનો સમય યથાવત રાખવા ઉગ્ર માંગણી કરી રહ્યા છે.

# ધનસુરામાં તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘના અધિવેશન સાથે શિક્ષણાધિકારીનો નિવૃત્તિ સમારોહ યોજાયો

ધનસુરા, તા. ૨૧

ધનસુરા તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી એચ.એમ. પટેલ નિવૃત્ત થતા તેમનો નિવૃત્તિ સમારંભ જે.એસ. મહેતા હાઈસ્કૂલના સાંસ્કૃતિક હોલમાં યોજવામાં આવ્યો હતો. આ સમારંભમાં જિલ્લા પંચાયતના પ્રમુખ હેમલત્તાબેન પટેલ અધ્યક્ષસ્થાને ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત આ સમારંભની સાથે ધનસુરા તાલુકાના પ્રાથમિક શિક્ષકોનું શૈક્ષણિક અધિવેશન પણ યોજવામાં આવ્યું હતું.


(તસવીર : જીતેન્દ્ર પટેલ, ધનસુરા)

આ સંયુક્ત સમારંભમાં મોડાસાના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોરે ઉપસ્થિત રહી દીપ પ્રાગટ્ય કર્યું હતું. આ ઉપરાંત જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન શાંતાબેન પટેલ, સાબરકાંઠા જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ ચંદુભાઈ જોષી, તાલુકા પંચાયત પ્રમુખ સુરાભાઈ પરમાર, તાલુકા વિકાસ અધિકારી સી.સી. પટેલ, ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘના મંત્રી હસમુખભાઈ પટેલ, સાબરકાંઠા જિલ્લા સંઘના મંત્રી હસમુખભાઈ પટેલ, સાબરકાંઠા જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ ભગવાનદાસ પટેલ, ધનસુરા ગ્રામ પંચાયતના સરપંચ ત્રિવેણીબેન પટેલ, ધનસુરા કેળવણી સંઘના પ્રમુખ વસંતભાઈ ચૌહાણ, કેળવણી મંડળના પ્રમુખ જે.વી. શાહ સહિત અનેક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

નિવૃત્તી લઈ રહેલા એચ.એમ. પટેલનો ઉપસ્થિત મહાનુભાવોએ તેમની ફરજનિષ્ઠા બિરદાવી દીર્ઘાયુ માટે શુભેચ્છાઓ પાઠવી હતી. પ્રાથમિક શિક્ષક સંઘનું શૈક્ષણિક અદિવેશન તમામ જુથ મંત્રીઓ, શિક્ષક કલ્યાણ પરિવારો, બીઆસી પરિવારો, તાલુકાન ાતમામ પ્રાથમિક શિક્ષકો તેમજ વિદ્યા સહાયક ભાઈ બહેનોના સહકારથી યોજવામાં આવ્યું હતું. જેમાં તજજ્ઞોએ પ્રાથમિક શિક્ષણને લગતા પ્રશ્નો અંગે તલસ્પર્શી માહિતી પુરી પાડી હતી.

## અમદાવાદ ડિવિઝનના ૪ હોલ્ટ સ્ટેશનો બંધ થશે

પશ્ચિમ રેલ્વે દ્વારા અમદાવાદ ડિવિઝન ખાતે ૨૩ જુલાઈ ૨૦૧૪થી ચાર હોલ્ટ સ્ટેશનોના અલાભપ્રદ થવાથી બંધ કરવામાં આવી રહ્યા છે. આ અનુસાર ૨૩ જુલાઈ, ૨૦૧૪થી અમદાવાદ-મહેસાણા ખંડના કાળી રોડ તથા કલોલ, ચાણસ્મા-રણુંજા ખંડના છત્રાલ તથા અણખોલ અને મહેસાણા-વિરમગામ ખંડના ભેષાણા મણકાનજ હોલ્ટ સ્ટેશનો યાત્રી અવરજવર માટે બંધ થવાથી આ સ્ટેશનો પર યાત્રી ટ્રેન થોભશે નહીં.

# ધનસુરા સિનિયર સિટીઝન ટ્રસ્ટનો સન્માન સમારંભ યોજાયો

ગાંધીનગર, તા. ૨૧

ધનસુરા પ્રદેશ સિનિયર સિટીઝન ટ્રસ્ટ દ્વારા પ્રમુખ જયંતિલાલ શાહના અધ્યક્ષસ્થાને સમારંભ યોજવામાં આવ્યો હતો. સમારંભના મુખ્ય મહેમાન પદે જમીન વિકાસ બેંકના ચેરમેન કનુભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.


(તસવીર : જીતેન્દ્ર પટેલ, ધનસુરા)

આ સમારંભમાં અતિથિ વિશેષ પદે સાબરકાંઠા-અરવલ્લી જિલ્લા સિનિયર સીટીઝન ટ્રસ્ટના પ્રમુખ મોહનભાઈ પરમાર, જિલ્લા પંચાયતના પ્રમુખ હેમલતાબેન પટેલ, જિલ્લા ફેડરેશનના મહામંત્રી વિનોદભાઈ શાહ, ધનસુરા ગ્રામ પંચાયતના સરપંચ ત્રિવેણીબેન પટેલ, ધનસુરા કેળવણી મંડળના પ્રમુખ જયંતિલાલ વી. શાહ, સાબરડેરીના ડીરેક્ટર કાન્તિભાઈ પટેલ સહિત અનેક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ સમારંભમાં ધનસુરાના સૌથી વડીલ દેવજીભાઈ પટેલે ૯૯ માં વર્ષના પ્રવેશ કરતા તેમજ ટ્રસ્ટના ઉપપ્રમુખ કોદરભાઈ પટેલને તેમને ૮૦ વર્ષ થતા તેમની સેવાઓને બિરદાવી તેમનું સન્માન કરવામાં આવ્યુંહતું. જિલ્લા ફેડરેશનના પ્રમુખ મોહનભાઈ પરમારે સિનિયર સીટીઝનોને અન્ય રાજ્યોમાં જેમ એસટી બસોમાં ૫૦ ટકા કન્શેસન મળે છે. ગુજરાતમાં પણ મળવું જોઈએ તેવી માગણી કરી હતી. આ કાર્યક્રમમાં ૭૫ વર્ષની વય વટાવી ચુકેલા તમામ સભ્યોનું સન્માન કરવામાં આવ્યું હતું.

# ધનસુરામાં ફૂટપાથ પરના દબાણો દૂર કરવા સ્થાનિક રહિશોની માંગ

ધનસુરા, તા. ૨૧

ધનસુરા ચાર રસ્તાથી બાયડ અમદાવાદ તરફના હાઈવે પર ફૂટપાથની ઉપર બન્ને તરફ દરરોજ દુકાનદારો અને ખાનગી વાહનોના ચાલકો વાહનોનો ખડકલો જમાવી દે છે. જેને લઈ રાહદારીઓને ફૂટપાથ પર ચાલવું મુશ્કેલ બન્યું છે. ત્યારે સ્થાનિક ટ્રાફિક પોલીસતંત્ર ફૂટપાથ પર ખડકી દેવામાં આવતા વાહનો દૂર કરાવે તેવી માંગ સ્થાનિક પ્રજા કરી રહી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ધનસુરાથી મોડાસા અમદાવાદ હાઈ-વે પસાર થાય છે. જ્યાં ધનસુરાથી અમદાવાદ તરફના માર્ગ પર બન્ને બાજુ ફૂટપાથ ઉપર દુકાનદારો અને ખાનગી વાહનચાલકો પોતાનું વાહનો પાર્ક કરી નાખે છે. આથી રહિશોને ચાલતા જવુ પડે છે. પરિણામે અનેક વાહન અકસ્માતોમાં રાહદારોનો ભોગ લેવાય છે. ઉપરાંત ફૂટપાથની ઉપર અને નીચે ખાણીપીણીની લારીઓએ પણ દબાણ કરી દેતા મુસાફરો ભારે મુશ્કેલીમાં મુકાઈ ગયા છે. આ સમગ્ર મામલે સ્થાનિક ટ્રાફિક પોલીસ સત્વરે યોગ્ય કાર્યવાહી કરી ફૂટપાથ ઉપર અને નીચેના દબાણો દૂર કરાવે તેવી ઉગ્ર માંગ રહિશો અને રાહદારીઓ કરી રહ્યા છે.

# ભિલોડા અક્ષર ઈન્ટરનેશનલ સ્કુલમાં વૃક્ષારોપનો કાર્યક્રમ યોજાયો


ભિલોડા સમાજ સેવા ટ્રસ્ટ સંચાલિત આર.જી.બારોટ અજ્યુંકેશન કેમ્પસમાં આવેલ અક્ષર ઈન્ટરનેશનલ સ્કુલમાં વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો હતો.અરવલ્લી જીલ્લા કલેક્ટર બી.જે.ભટ્ટના વરદ્ હસ્તે વૃક્ષારોપણ કરાયું હતું.ભિલોડા સમાજ સેવા ટ્રસ્ટ મંત્રી કિર્તીકુમાર બારોટ,સહમંત્રી નયબનાબેન બારોટ તેમજ શૈક્ષણિક સંસ્થાઓના આચાર્યો,સ્ટાફ પરીવાર,વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ગાંધીનગરવાસીઓના અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ
● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ
વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુઝિવ શો-રૂમ
AGL Radhe
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે,
કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧